## જન્મદિને વધામણી


કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭


કેશવલાલ જી ચૌહાણ
કાર્યક્રમ સંયોજક
ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૯૫૩૭૮ ૯૯૯૨૪


આશા એમ શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨


સ્વરા પટેલ
મો. ૯૭૧૯૯ ૦૫૯૮૯


આહના પટેલ
મો. ૯૭૧૯૯ ૦૫૯૮૯


વંદના દિપકભાઈ પટેલ
મો. ૭૮૦૧૮ ૩૩૦૩૧



જમનાબાઈ નરસી સ્કૂલના વિદ્યાર્થીઓએ પ્રથમ વાર્ષિક દિન ઉજવ્યો જમનાબાઈ નરસી સ્કૂલ, ગીફટ સીટી, ગાંધીનગરનાં પ્રિ-સ્કૂલ કીડઝ ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે તેમનો વાર્ષિક દિવસ ઉજવવા માટે તૈયાર થઈને આવ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સ્કૂલના ટ્રસ્ટીઝ હાજરીમાં ડાન્સ, ડ્રામા, મોનોલોગ અને અન્ય રંગબેરંગી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલનાં પ્રિન્સિપાલ કવિતા બાજપેયીએ આ સુંદર સાંજે વાલીઓનું સ્વાગત કર્યું હતું. ઉજવણીનો વિષય હતો સિક્રેટ ઓફ હેપ્પીનેસ-મિસ્ટીકા મિસ્ટીકા એ નિર્દોષ વ્યક્તિઓની મજલ છે જે તેમને વાસ્તવિક ભૂમિ ઉપરતી કાલ્પનિક ભૂમિ ઉપર લઈ જાય છે, જ્યાં પ્રકૃતિ જીવંત બને છે. અને સૌને આનંદની દુનિયામાં લઈ જાય છે. મિસ્ટીકામાં નાનાં બાળકો આનંદને આગળ ધપાવતાં વાહકો બન્યાં હતાં અને એવો સંદેશો લઈને આવ્યાં હતાં કે રોજબરોજની ચિંતા અને તાણ વચ્ચે આનંદિત રહેવું જોઈએ અને તમારામાંના બાળકને હંમેશાં જીવંત રાખવુ જોઈએ.

# માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં કલા અને વિજ્ઞાન પ્રદર્શન





સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં આર્ટ અને વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જે અંતર્ગત ધોરણ પાંચથી ૯ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના વિજ્ઞાનના પ્રોજેકટ તૈયાર કર્યા હતા.

સોલારને લગતા પ્રોજેક્ટ, સોલાર સાઈકલ,સોલાર કાર,સોલાર કૂકર, ટપક સિંચાઈ પદ્ધતિ, થ્રી ડી, ટેરેસ ગાર્ડન, કચરાનો નિકાલ, આધુનિક ચાડિયો, સોલાર ગામડું વગેરે જેવા વિવિધ વર્કિંગ મોડેલ વિદ્યાર્થીઓએ જાતે તૈયાર કર્યા હતા. ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા પેઈન્ટિંગ, તકીયા, બટવા વગેરેનું નિદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. સમગ્ર પ્રદર્શનનું આયોજન પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન અને આર્ટ શિક્ષકોના પ્રયાસોથી સફળતા પૂર્વક સંપન્ન થયું.




સ્માર્ટ કિડ્સ પ્રિ સ્કૂલ, સેક્ટર-૪ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગલેવા માટે ભૂલકાઓ અવનવી વેશભૂષા ધરીને આવ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયે સમૂહ તસવીર વેળા કોઈ બાળકે ઉત્સાહ દાખવ્યો હતો તો કોઈએ રડતાં-રડતાં મમ્મીને યાદ કરી હતી.

# ડીપીએસ ઈસ્ટના વિદ્યાર્થીઓએ નેશનલ સાયન્સ ડે પ્રસંગે વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશનની મુલાકાત લીધી





## વિદ્યાર્થીઓએ સ્પેસ ક્વિઝમાં પણ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૭

ઈસરોના મિશન મંગળની સફળતાએ વિદ્યાર્થી સમુદાયમાં ભારે કૂતુહલ પેદા કર્યું છે. વિદ્યાર્થીઓનું કૂતુહલ સંતોષવા ડીપીએસ ઈસ્ટના ધોરણ ૬ અને ૭ના વિદ્યાર્થીઓ માટે વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમને ભારતના સ્પેસ મિશન અંગે સમજ મળવાને કારણે વિદ્યાર્થીઓને ઘણી બાબતો જાણવા મળી હતી.

એક્સપોઝર સાથે અને અનુભવીને શીખવુ હંમેશા અભ્યાસની પ્રક્રિયામાં એક મહત્વના પરિબળ બને છે. આ પરંપરા જાળવી રાખીને દિલ્હી પબ્લિક સ્કૂલ ઈસ્ટ દ્વારા આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું.

વર્ગ ૬ના કુલ ૭૭ વિદ્યાર્થીઓ અને વર્ગ ૭ના ૭૧ વિદ્યાર્થીઓએ આ પ્રવાસમાં ભાગ લીધો હતો. આ મુલાકાત અંગે વધુ માહિતી આપતાં ડીપીએસ ઈસ્ટના પ્રિન્સિપાલ શ્રી હિતેશ પૂરીએ જણાવ્યું હતું કે શિખવું એ એક સતત પ્રક્રિયા છે અને આપણે જ્યારે તેનો અનુભવ કરીએ કે જાતે જાણકારી મેળવીએ ત્યારે તે જ્ઞાન વધુ બહેતર બની રહે છે.

ઈસરોના મંગળ અભિયાને ભારતને વિશ્વના નકશામાં મુકી દીધું છે. આવા અભિયાન પહેલાં કેટલી અને કેવી તૈયારીઓ કરવી પડે છે તેની જાણકારી આપવા માટે અમે વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશનની મુલાકાતનું આયોજન કર્યું હતું.

મુલાકાતમાં ઘણી માહિતી અને પ્રવૃત્તિ અંગે જાણકારી મળી, જેમાં સ્પેસ અને સેટેલાઈટ અંગેની સમજ જેવી અનેક પ્રકારની જાણકારી મળી. વિદ્યાર્થીઓને સ્પેસ સ્યુટનો પ્રથમદર્શી અનુભવ મળ્યો. તેમણે જીએસએલવી વ્હીકલ મોડલ અને કોમ્યુનિકેશન, તથા સ્પેસમાં નેવીગેશન સેટેલાઈટના લોકેશન અને મુન મિશનના મોડેલ અંગે માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓએ સ્પેસ ક્વિઝમાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## આજે ત્રિમંદિર સંકુલ ખાતે નૅશનલ યોગાસન ચૅમ્પિયનશીપ

ગાંધીનગર, તા. ૨૭

અડાલજ ત્રિમંદિર સંકુલ ખાતે રવિવારે નૅશનલ યોગાસન સ્પોર્ટ્સ ચૅમ્પિયનશીપ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે.

યોગ અને કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાત અને યોગા કન્ફેડરેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ ચૅમ્પિયનશીપના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે લકુલિશ યોગ યુનિવર્સિટી, અમદાવાદના ડૉ. દિનેસભાઈ અમીન, અતિથિ વિશેષ તરીકે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ મનિષ ભારદ્વાજ, ઈન્ડિયન સ્પોર્ટ્સ કાઉન્સિલના સલાહકાર ડૉ. વીવીઍસઍન રાવ, કાર્ડિયોલોજીસ્ટ ડૉ. રમેશભાઈ કાપડિયા તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ભાવનગર, સુરત, અમદાવાદ અને જૂનાગઢથી આવેલાં જૂથો દ્વારા યોગાનું નિદર્શન કરવામાં આવશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડના ઉપ પ્રમુખ મહેન્દ્રભાઈ ત્રિવેદી સ્વાગત પ્રવચન કરશે અને આભારવિધિ સંતોષભાઈ કામદાર કરશે.

# આજે સૅ. ૨૩ ખાતે પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કૉમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૭

સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે નેત્રહિનો માટેની પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કોમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા રવિવારે ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે. વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર સૂર્યક્રિશ્ન મંત્રાલા તથા બ્લાઈન્ડ એસોસિએશનના પ્રમુખ વિરેન જોષી અને મંત્રી રહેમાનભાઈ અન્સારીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે રવિવાર, તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ સ્પર્ધા સવારે ૯થી ૧૨.૨૦ દરમ્યાન સર્વ વિદ્યાલય કેમ્પસ, સૅક્ટર-૨૩માં મમતા કૉમ્પ્યુટર સૅન્ટર ખાતે યોજવામાં આવશે. એ પછી બ્રહ્માણી કૃપા હોલ, ફાર્મસી કૉલેજ કેમ્પસ, ખાતે સાંજે ૪ કલાકે આ સ્પર્ધાનો સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્ય મહેમાન તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે વિશ્વવિદ્યાલયના નિયામક ડી ટી કાપડિયા અને ગુજરાતસક્ષમ ટ્રસ્ટ, નડીઆદના પ્રદેશ અધ્યક્ષ પ્રફુલચંદ્ર એમ પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ અંતર્ગત પૂર્વ વિકલાંગ કમિશનર તથા રાષ્ટ્રીય અંધજન મંડળના અધ્યક્ષ ભાસ્કરભાઈ વાય મહેતાનું સન્માન પણ કરવામાં આવશે.



રંગોલી પ્રાઈમરી સ્કૂલના વાર્ષિકોત્સવ 'સંસ્કાર'નું શનિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ અવનવી વેશભૂષાઓ ધરીને મનોહર નૃત્યો પેશ કર્યાં હતાં, જે જોઈને એમના વાલીઓ તથા અતિથિઓ મોજમાં આવી ગયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## આપણે પણ જાણે 'અલીગઢ' થી આવ્યા હોઈએ એવી ફિલ્મ !!!

# અલીગઢ: પ્રેક્ષકો 'સ્ટૅન્ડિંગ ઓવેશન' આપીને પાછા નહીં આવે !




આર્ટ ફિલ્મ સ્માર્ટ ફિલ્મ પણ હોઈ શકે... ફિલ્મ એ એવું માધ્યમ છે, જ્યાં દર્શાવાતા દશ્યો કરતાં પ્રેક્ષકોના મનમાં નહીં દર્શાવાતા દશ્યોની કલ્પના વિશેષ હોય... અને પ્રેક્ષકોના મનમાં સમાંતરે ચાલતી ફિલ્મ જ યોગ્ય અને સાચી ફિલ્મ અને ફિલિંગ છે. મનોજ બાજપાઈ અને રાજકુમાર રાવ હૂકમના એક્કા અભિનેતાઓ હોય એટલે અર્થપૂર્ણ કે કલાત્મક ફિલ્મ જોવાની લ્હાયમાં બૌધિક પ્રેક્ષકો જાળમાં ફસાવાના જ ...પરન્તુ દિગ્દર્શક હંસલ મહેતાએ બિછાવેલી આ જાળમાં જરા પણ ફસાવા જેવું નથી.



સત્ય ઘટના કંઈક આવી છે... ડૉ. શ્રીનિવાસ રામચંદ્ર સીરસ મરાઠી ભાષાના પ્રોફેસર, લેખક અને ખ્યાતનામ કવિ હતા. તેમના મરાઠી કાવ્યસંગ્રહ 'પાયા ખલચી હિરવાલ' (મારા પગ નીચેનું ઘાસ)ને મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદનું સન્માન પણ મળ્યું હતું. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં તેઓ ડિપાર્ટમેન્ટ ઑફ મોર્ડન ઈન્ડિયન લૅંગ્વેજીસના વડા હતા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૦ના બે લોકો બળજબરીપૂર્વક તેમના ક્વાર્ટરમાં ઘૂસી આવ્યા અને એક પૅડલ રીક્ષાવાળા યુવાન સાથે અજુગતી અવસ્થામાં તેમનું બળજબરીપૂર્વક શૂટીંગ કર્યું. યુનિવર્સિટીએ આ મામલે તેમને સસ્પેન્ડ કર્યા. તેમણે અલ્હાબાદ હાઈકોર્ટમાં કેસ કર્યો અને ૧ એપ્રિલ, ૨૦૧૦ના રોજ તેઓ કેસ જીતી ગયા. હૉમોસેક્સ્યુઆલિટી એ આઈપીસીની સેકશન ૩૭૭ હેઠળ ગુનાઈત કૃત્ય નથી, એવા દિલ્હી હાઈકોર્ટના ૨૦૦૯ના ચુકાદાના આધારે ડૉ. સીરસ કેસ જીતી ગયા. આમ છતાં તા. ૭ એપ્રિલ, ૨૦૧૦ના રોજ તેઓ પોતાના એપાર્ટમેન્ટમાં મૃત અવસ્થામાં મળી આવ્યા. પ્રાથમિક તપાસમાં તેમના શરીરમાં ઝેર હોવાનું બહાર આવ્યું. પરંતુ પછીથી તા.૧૯ એપ્રિલ ૨૦૧૦ના રોજ પોલીસે ત્રણ પત્રકારો અને અલીગઢ યુનિવર્સિટીના ચાર અધિકારીઓની આ ગુનામાં સંડોવણી હોવાનું જાહેર કર્યું. જો કે પુરતા પુરાવા નહીં હોવાના કારણે આ કેસ પોલીસના ચોપડાઓમાં ફાઈલ થઈ ગયો છે.

છ મહિનામાં જ નિવૃત્ત થઈ રહેલા પ્રોફેસર ડૉ. સીરસને પુનઃ ફરજ પર લેવાના અલીગઢ યુનિવર્સિટીના નિર્ણયનો પત્ર ડૉ. સીરસના મૃત્યુના એક દિવસ પછી પહોંચ્યો...

કવિ હૃદય અને ધૂની પ્રોફેસર કે જેની પત્ની કંટાળીને જતી રહી હોય એ પ્રોફેસર ૬૦-૬૨ વર્ષની વયે તેની શારિરીક અગ્રતાઓ અલગ હોવાના કારણે કેવા કાવાદાવાનો ભોગ બને છે, સમાજ પણ તેની કેવી અવગણના કરે છે અને આવો પુરૂષ અંદરથી કેવો એકાકી છે એનું નિરુપણ એટલે ફિલ્મ 'અલીગઢ'. પ્રો. સિરસે સ્વયં લખ્યું છે, 'મેં અલીગઢ યુનિવર્સિટીમાં બે દાયકા વિતાવ્યા છે. હું મારી યુનિવર્સિટીને પ્રેમ કરું છું. કંઈ પણ થાય, પરન્તુ હું મારી યુનિવર્સિટીને ચાહતો જ રહીશ. મારી યુનિવર્સિટી મને હું ગે છું. એટલા કારણોસર જ મને ચાહવાનું બંધ કરી દેશે તો એ મારા માટે મોટો આઘાત હશે...'

ડૉ. એસ.આર. સિરસની ભૂમિકા મનોજ બાજપાઈ જેવા સશક્ત અભિનેતાએ ભજવી છે અને પત્રકાર દીપુ સાબાસ્ટિનની ભૂમિકામાં રાજકુમાર રાવ છે. ડૉ. સિરસ વકીલના પાત્રમાં આશિષા વિદ્યાર્થી છે. આવા અશક્ત અભિનેતાઓ હોવા છતાં ઈશાની બેનર્જીએ લખેલી ખૂબ નબળી વાર્તા અને અપૂર્વ અસરાનીના એનાથી પણ નબળા સ્ક્રીન-પ્લે ને કારણે 'અલીગઢ' ફિલ્મમાં કોઈ ઘટના જ ઘટતી નથી. આ ફિલ્મમાં પ્રત્યેક સીન એક્ચ્યુલ ટાઈમ લે છે... એટલે કે પેડલ રીક્ષામાંથી માણસો ઘરમાં જાય તેમાં પાંચ મિનિટ લાગે તો એ આખું પાંચ મિનિટનું દશ્ય અન-એડીટેડ તમારી સામે છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં વર્ષ-૨૦૧૦માં ઘટેલી સત્ય ઘટના પરથી બનેલી આ ફિલ્મ દરેક દશ્યમાં રિયલ ટાઈમ લેનારી ખૂબ જ ધીમી અને મહાબોરીંગ ફિલ્મ છે. રોજીંદી આવન-જાવન અને ચીલાચાલુ દશ્યોને સત્યરાય નાગપાલે સિનેમેટોગ્રાફીમાં થોડી મહેનત કરીને રસપ્રદ બનાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે, પરન્તુ ફરી એ જ અપૂર્વ અસરાનીના નબળા એડીટીંગને કારણે ફિલ્મ લાંબીલચ્ચ અને કંટાળાજનક બની ગઈ છે. સંવેદના તો એક તરફ, પ્રેક્ષક તરીકેની સહનશીલતા પણ ખૂટી જાય એવી આ ફિલ્મ છે...!

ભારતીય ફિલ્મ નિર્માતાઓએ આવા અત્યંત સંવેદનશીલ વિષયમાં હાથ નાખવાનું સાહસ બહુ ઓછું કર્યું છે. 'શાહીદ' અને 'સિટીલાઈટ્સ' જેવી લોકપ્રિય અને ક્રિટીકલી પણ સફળ ફિલ્મો બનાવનાર દિગ્દર્શક હંસલ મહેતાએ આ સાહસ કર્યું છે, જે તેની વધારે પડતી ધીમી ગતિ અને પ્રયોગશીલતાને કારણે દુઃસાહસ સાબિત થયું છે.

ગત વર્ષે ૨૦મા બુસાન ઈન્ટરનેશનલ ફિલ્મ ફૅસ્ટિવલ (સાઉથ કોરિયા)માં 'અલીગઢ'ને સ્ટૅન્ડિંગ ઓવેશન મળ્યું હતું, પરન્તુ સિનેમાહોલમાં તો પ્રેક્ષકો વારાફરથી 'સ્ટૅન્ડિંગ ઓવેશન' આપીને સિનેમા હૉલની બહાર જઈને પાછા જ ન આવે એવું બને !!! કોઈ આપણને ઉલ્લુ બનાવે તો આપણે મસ્તીમાં કહીએ છીએ, 'હું અલીગઢ'થી આવ્યો છુ, એવું તું સમજે છે ? આ તો આખી ફિલ્મ નામે જ 'અલીગઢ' છે!!! અલીગઢના તાળાં પણ વખણાય છે. ફિલ્મ એટલી બોરીંગ છે કે એના વિષે વધુ લખાઈ જાય એના કરતાં હું મારી પેન પર અલીગઢી તાળું મારી દઉં છું...!

